# હે પરમ ધામના ધામી...

હે પરમ ધામના ધામી, તમે મળ્યા અંતર્યામી,
હૈયે વસ્યા છો સ્વામી, રાખી ના કોઈ ખામી;
હવે ફિકર અમને શાની ? પ્રભુ ફિકર અમને શાની ?
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

કૃપા કરી હરિ દૃષ્ટિમાં ગ્રહી, ભવજળ પાર ઉતારી,
પ્રગટ ગુરુનો જોગ કરાવી, જીવભાવ અમ ટાળી;
તમે મળ્યા અંતર્યામી, રાખી ના કોઈ ખામી,
હવે ફિકર અમને શાની ? પ્રભુ ફિકર અમને શાની ?
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

કરતા હરતા તુજને જાણી, સહુમાં તુજને માણી,
ધામ ને ધામી પ્રગટ પ્રમાણી, ઉપાસના સમજાવી;
તમે મળ્યા અંતર્યામી, રાખી ના કોઈ ખામી,
હવે ફિકર અમને શાની ? પ્રભુ ફિકર અમને શાની ?
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

---